ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૨-૨૦૧૫, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

શહેરી જનસમુદાયના લાભાર્થે રજૂ થયેલું બજેટ

ગુજરાત રાજયનું સુકાન મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન મફતલાલ પટેલને સોંપાયા પછી પૂર્વસૂરિ તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વાઈબ્રન્ટ ગુજરાત' અને 'સૌનો સાથ સૌનો વિકાસ' એ સૂત્રોના સમન્વય સમા 'ગતિશીલ ગુજરાત'ના સંકલ્પસૂત્ર સાથે રજૂ થયેલ પ્રથમ પૂર્ણ કક્ષાનું બજેટ ૧, ૧૩, ૧૩૯ કરોડ રૂપિયાનું તોતિંગ બજેટ છે. ૧૩૯-૧૩૯ આંકડા પાછળ શું રહસ્ય હશે એ તો આનંદીબેન કે સૌરભ પટેલ જ જાણતાં હશે. અંકશાસ્ત્રના તજ્ઞોને પૃથક્કરણ કરવાનું મન થાય એવા આ બજેટ કદમાં નાણાંમંત્રીનો 'સોશિયલ ઈન્ડેક્સ' સુધારવાનો સ્પષ્ટ આશય જોઈ શકાય છે. વાર્ષિક યોજનામાં લગભગ અડધોઅડધ નાણાં સામાજિક ક્ષેત્ર માટે ફાળવાયાં છે તે સૂચક છે. સરકારે એને વિકાસલક્ષી બજેટ ગણાવ્યું છે. જો કે વિપક્ષે એની આદત મુજબ બજેટને નિરાશાનજક ગણાવ્યું છે. બજેટમાં આરોગ્ય ક્ષેત્રને પહેલી જ વાર મોખરાનું સ્થાન સાંપડ્યું છે, જે આવકારદાયક બાબત છે. સ્વાઈન ફ્લૂના પ્રકોપથી ઘરાયેલી રાજયની પ્રજાને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી માંડી શહેરની સિવિલ હોસ્પિટલોમાં ઉપલબ્ધ તબીબી સવલતો વધુ મળી રહે એ બાબત ધ્યાનમાં રાખી નાણાંમંત્રીએ હોસ્પિટલો માટે ૨૪૦૦ કરોડ અને આરોગ્ય કેન્દ્રો માટે ૧૯૯ કરોડ જેવી જંગી રકમ ફાળવેલ છે. ગુજરાતમાં વિશ્વસ્તરની કોર્પોરેટ આરોગ્ય સેવાઓ વિકસી રહી છે. ત્યારે સામાન્ય માનવી માટે મોંઘીદાટ ખાનગી હોસ્પિટલોમાં પગ મૂકતાં પહેલાં બે વાર ફેરવિચારણા કરવી પડે એવી સ્થિતિ પ્રવર્તી રહી છે. આવા સંજોગોમાં વગોવાઈ ગયેલી અને કથળેલી જાહેર આરોગ્ય સેવાને ગુણવત્તાના ધોરણે તેમજ માનવીય દૃષ્ટિકોણથી સુધારવાની જરૂર છે જ. બજેટમાં નવાં આરોગ્ય કેન્દ્રો સ્થાપવા ઉપરાંત એ કેન્દ્રોમાં ડેન્ટલ - ફિઝિયોથેરાપીની સવલતો ઉપલબ્ધ કરાવવા માટે રકમ ફાળવાઈ છે. હોસ્પિટલોમાં આધુનિક ઉપકરણો માટે અને સવિશેષ કિડની હોસ્પિટલો તથા કેન્સર હોસ્પિટલો અને મેડિકલ કૉલેજો માટે મોટું બજેટ રખાયું છે. નાણામંત્રીના આ પુરાંતવાળા જાદુઈ બજેટમાં ખેડૂત અને ખેતી હાંસિયે ધકેલાઈ ગયાં છે. જયારે શહેરી સમુદાયની સુખસુવિધા કેન્દ્ર સ્થાને રહી છે. આંતર માળખાકીય સુવિધાઓ માર્ગો પહોળા અને મજબૂત કરવા માટેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે આઠ હજાર કરોડથી વધુ રકમ ફાળવાઈ છે. બજેટની લગોલગ આરોગ્ય સેવા પાછળ સાત હજાર આઠસો આડત્રીસ કરોડ જેવી જંગી રકમ આરોગ્ય સેવાઓ સુદઢ બનાવવા માટે, રૂા. ૬૬૦૦ કરોડ ઊર્જા - પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રે નવા બે વીજમથકો સાથે નવાં પ્રવહન કેન્દ્રો માટે અને રૂા. ૩૬૨૩ કરોડ કેન્દ્રનાં 'મેક ઈન ઈન્ડિયા'માં ગુજરાતના યોગદાન તરીકે વ્યાજ સહાય સ્વરૂપે ઉદ્યોગ ક્ષેત્ર માટે ફાળવાયા છે. શહેરી વિકાસ પાછળ દસ હજાર કરોડથી મોટી રકમ ફાળવીને ભાજપ સરકાર એના શહેરી મતદાર સમુદાયને - 'અર્બન વોટ બેંક'ને મજબૂત કરવા માગે છે. શિક્ષણ પાછળ પણ આશરે ત્રેવીસ હજાર કરોડ જેવી રકમ ફાળવાઈ છે અને ૪૩૦૦ જેટલા શિક્ષકોની ભરતી કરવાનું વિચારાયું છે. પ્રવાસન પાછળ સાડા આઠસો કરોડના અંદાજિત ખર્ચમાંથી છ પવિત્ર યાત્રાધામો અને ૩૫૬ દેવસ્થાનોના વિકાસની પાછલ ખર્ચ કરાશે. 'સ્માર્ટ સિટી' અને અર્બન ડેવલપમેન્ટ એ ભાજપના પ્રિય વિષયો છે. એ માટે ૫૭૫ કરોડ ખર્ચાશે. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે છસો અગિયાર કરોડ ફાળવાયા છે. વડોદરા શહેરને નોલેજ હલ તરીકે વિકસાવવાની યોજના છે તો વળી સુરતમાં ટેક્સટાઈલ યુનિવર્સિટી અને કિડની હોસ્પિટલ તથા રાજકોટમાં ટર્શિયરી કેન્સર કેર માટે રકમ ફાળવાયેલ છે. ૮૦ કરોડના કરવેરા સાથે ૨૦ કરોડ જેટલી ક્ષુલ્લક રાહતો વાળુ ચાલુ વર્ષનું બજેટ ગયા વર્ષની સરખામણીએ કદમાં ૧૧.૧૦ટકા મોટું છે. નર્મદા યોજના અને ગ્રામવિકાસ માટે કે ગરીબોના આવાસ માટે ફાળવાયેલી રકમ પૂરતી છે ખરી? અનુસૂચિત જાતિ-જનજાતિ અને લઘુમતિ વર્ગના વિકાસ પ્રત્યે કાળજી રખાઈ છે? - એવા પ્રશ્નો પણ ઊભા જ છે. બજેટમાં ગામડાંની બાદબાકી દેખાય છે. રૂા. ૧૮૪.૯૫ કરોડની પુરાંતવાળુ સૌરભ પટેલનું બજેટ સામાન્ય માનવીની અપેક્ષાઓ કરતાં સવિશેષ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મહત્ત્વાકાંક્ષી યોજનાઓ 'મેક ઈન ઈન્ડિયા' અને મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન તથા બિઝનેશ ઓરિયેન્ટેડ 'ગતિશીલ ગુજરાત' ના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના સંકલ્પને સાકાર કરતી મૂડીવાદી સરકારનું બજેટ લાગે છે.

સેકટર-૨૬ સરકારી પોલીટેકનીક ખાતે રાષ્ટ્રિય સેવા યોજના (એન.એસ.એસ.) વિભાગ દ્વારા સ્વાઈન ફલુ પ્રતિરોધક ઉકાળાનું કોલેજ કંપાઉન્ડ ખાતે મફત વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ અધિકારી ડી.આર. મિસ્ત્રીની આગેવાની હેઠળ કોલેજના તમામ વિદ્યાર્થીને ફરજીયાત ઉકાળાનું પીણું આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જીઆઈએસ એફ સ્ટાફના સુરેન્દ્રસિંહ વાઘેલા, હોંશિયારસિંઘ યાદવ, વોલેન્ટીયર આશુતોષ પરમાર, ઘનશ્યામ મકવાણા, દીર્ઘ પાઠક, પરેશસિંહ વાઘેલા કોલવડાએ સહયોગ આપ્યો હતો.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

હરિની દૃષ્ટિ...

સાહેબ, મને આ વખતની ૧૪૪ની કલમનો અમલ કરાવવાની મજા નહીં આવે, બીક લાગશે...!

સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૨૫

સેક્ટર-૮, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ૪૫મા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવશે. આગામી તા. ૨૮ ફેબ્રુઆરી, શનિવાર સવારે ૯.૦૦ વાગે સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે વિક્ટર મેકવાન, ડીડીઓ, ગાંધીનગર અને રોશીલી વિક્ટર મેકવાન ઉપસ્થિત રહેશે. ખેડૂતો જમીનના વારસો, જમીનના આત્મા, ઉડોન્ગોની ખજાનો અને જમીનના લોકોને ઈનામ વિતરણ કરવામાં આવશે.

સેક્ટર-૮ પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાયો

આજે વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

સેક્ટર-૮ સરકારી પ્રાથમિક શાળામાં જીવન કૌશલ્ય આધારિત બાળમેળો યોજાયો હતો. ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આજરોજ ગુરૂવારે શાળાનો બીજો વાર્ષિકોત્સવ યોજવામાં આવશે.

નગરના સેક્ટર-૮ સ્થિત સરકારી પ્રાથમિક શાળામાં જીવન કૌશલ્ય પર બાળમેળો યોજવામાં આવ્યો હતો. બાળકો ભવિષ્યમાં મોટા થઈને પગભર બની ઝડપથી રોજગારી મેળવી શકે તે હેતુથી મેળો યોજાયો હતો. બાળમેળામાં ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમાં બાળકો દ્વારા પગ લુછણિયા, કવર, તોરણ, પેઈન્ટીંગ, બર્થ ડે કાર્ડ, રંગીન દિવડા બનાવવા સહિતની પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

તેમજ આજરોજ ગુરૂવારે શાળાના પ્રાંગણમાં બપોરે ૧૨ થી ૨ દરમિયાન બીજો વાર્ષિકોત્સવ યોજવામાં આવશે. વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી શક્તિઓને પ્રદર્શિત કરશે. વર્ષ દરમિયાન યોજાયેલ પ્રવૃત્તિઓમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

જે.બી. પ્રાથમિક શાળામાં બાળ વિજ્ઞાન પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

શાળામાં બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય, પ્રવૃત્તિઓમાં રસ લે, નવા વિચારોને જ્ઞાનને જોડી પોતાના જ્ઞાનમાં વધારો કરે તે હેતુથી શોધખોળ, સર્જન, નાવીન્યતા માટેના કૌશલ્યો ઓળખે તે માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં 'બાળ વિજ્ઞાન પ્રદર્શન'નું તા. ૨૭-૨૮મી ફેબ્રુઆરી બે દિવસ માટે આયોજન કરેલ છે. જેનું ઉદ્‌ઘાટન ડૉ. કનુભાઈ ડી. પટેલ, પ્રમુખશ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, શ્રી વલ્લભભાઈ પટેલ ચેરમેનશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર કરશે. શ્રીમતી નીવાબેન બી. પટેલ, આચાર્યા શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાએ જણાવેલ છે. પ્રદર્શનનો સમય તારીખ ૨૭-૩-૨૦૧૫ના રોજ બપોરે ૧.૦૦થી સાંજે ૫.૩૦ કલાક રહશે. જયારે તારીખ ૨૮-૨-૨૦૧૫ના રોજ સવારે ૭.૩૦ થી સાંજે ૪.૩૦નો રહેશે.

આજથી નાગરમાં બાળ ફિલ્મ મહોત્સવ

ગાંધીનગર, તા. ૨૫

બાળકો સિનેમાના માધ્યમથી શિક્ષણ મેળવે અને શિક્ષકો શિક્ષણના નવા આયામો કેળવે તેમજ શિક્ષણક્ષેત્રે સર્જનાત્મક અભિગમ ઉમેરાય તે માટે પાટનગરમાં પ્રથમવાર બાળ ફિલ્મ મહોત્સવ-૨૦૧૫ યોજવામાં આવશે. જ્યારે પાટનગરમાં તા. ૨૬ અને ૨૭ ફેબ્રુઆરી દરરોજ રાત્રે ૮ થી ૯ વાગ્યા દરમિયાન બે દિવસ

પાટનગરની વિવિધ શાળામાં રાત્રે ૮ થી ૯ દરમિયાન બાળકોને ફિલ્મો બતાવવામાં આવશે : પ્રથમવાર યોજાઈ રહેલ મહોત્સવને લઈ બાળકોમાં ઉત્સાહ

દરમિયાન ૧૨ સ્થળોએ ફિલ્મ દર્શાવવામાં આવશે.

બાળ ફિલ્મ મહોત્સવનો શુભારંભ આજરોજ ગુરૂવારે સવારે ૧૦.૦૦ વાગે ખીમજી વિસરામ હોલ, સેક્ટર-૨૩ ખાતે નાનુભાઈ વાનાણી, મંત્રી શિક્ષણ, રમત-ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની અધ્યક્ષતામાં યોજાશે. મુખ્ય મહેમાન તરીકે મહેન્દ્રસિંહ રાણા મેયર ગાંધીનગર અને અતિથિ વિશેષ તરીકે વલ્લભભાઈ પટેલ પ્રમુખ કડી વિદ્યાલય ઉપસ્થિત રહેશે.

બે દિવસ નીચેના સ્થળે રાત્રે ૮.૦૦ વાગે ફિલ્મો બતાવાશે

- નવાપુરા બોરીજ પ્રાથમિક શાળા
- ફતેપુરા પ્રાથમિક શાળા
- ધોળાકુવા પ્રાથમિક શાળા
- સે. ૨૯/૧ પ્રાથમિક શાળા
- સે. ૨૯/૨ પ્રાથમિક શાળા
- આદીવાડા પ્રાથમિક શાળા
- સેક્ટર-૨૪/૨ પ્રાથમિક શાળા
- સેક્ટર-૧૩/૧ પ્રાથમિક શાળા
- સેક્ટર-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર
- બોરીજ પ્રાથમિક શાળા
- સેક્ટર-૩૦ પ્રાથમિક શાળા
- સેક્ટર-૬ નાણાવટી સ્કૂલ

જે.બી. પ્રાથમિક શાળાના ૪૨ વિદ્યાર્થીઓ નિબંધ લેખનમાં

ગાંધીનગર, તા. ૨૫

અરવિંદ કેન્દ્ર દ્વારા નિબંધ-લેખન યોજાયેલ હતો. આદર્શ વિદ્યાર્થીના લક્ષણો વિષે જે.બી. પ્રાથમિક શાળાના ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. શાળા પરિવાર વતી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

જે.બી. પ્રાથમિક શાળા વક્તૃત્વ સ્પર્ધામાં ઝળકી

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ સાયન્સ ડે અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરેલ હતુ. જેમાં ધો. ૮-બીના વિદ્યાર્થી જીનલ ઘનશ્યામભાઈ પટેલે દ્વિતિય નંબર પ્રાપ્ત કરી રૂ. ૩૦૦નું ઈનામ મેળવેલ છે. શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે.

કોલેજોમાં સ્વાઈન ફ્લુ વિરોધી ઉકાળો

વિદ્યાર્થીઓને ચેપથી બચાવવા માટે આયોજન : સ્વાઈન ફ્લુ ખતરનાક બની રહ્યો છે ત્યારે ખાસ આયોજન

અમદાવાદ, તા.૨૫

સ્વાઈન ફ્લુ નામના રોગે અમદાવાદ સહીત રાજયમાં હાલ આતંક મચાવ્યો છે. ત્યારે રાજ્યની શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓ આ મહામારીનો ભોગ ન બને તે માટે સરકાર દ્વારા ખાસ ઊકાળો મોકલવામાં આવ્યો છે. જેના ભાગરૂપે અમદાવાદ શહેરની કોલેજોમાં આજથી વિદ્યાર્થીઓને ઊકાળો પીવડાવવાની શરૂઆત કરી દેવામાં આવી છે. રાજ્યમાં સ્વાઈન ફ્લુનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે. રાજ્યમાં સ્વાઈન ફ્લુના કારણે મૃતાંક વધીને ૨૩૯ થઈ ગયો છે. ખુદ આરોગ્યમંત્રી પણ સ્વાઈન ફ્લુનો ભોગ બન્યા છે. ત્યારે અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં મેડિકલ ઈમર્જન્સી લાગુ કરી દેવામાં આવી છે.

આવા વિકટ સંજોગોમાં રાજ્યની શાળા-કોલેજોમાં અભ્યાસ કરતા લાખો વિદ્યાર્થીઓને સ્વાઈન ફ્લુના ચેપથી બચાવવા માટે સરકાર સક્રિય બની ગઈ છે. જેના પગલે રાજ્ય સરકાર દ્વારા દરેક શાળા-કોલેજોને સ્વાઈન ફ્લુના ચેપથી રક્ષણ આપતો ખાસ પ્રકારનો ઊકાળો મોકલવામાં આવ્યો છે, ત્યારે અમદાવાદ શહેરની કોલેજમાં આજથી વિદ્યાર્થીઓને આ ઊકાળો પીવડાવવાની શરૂઆત કરી દેવામાં આવી છે. આજે શહેરની એચકે આર્ટ્સ કોલેજમાં વિદ્યાર્થીઓને ઊકાળો પીવડાવવામાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે કોલેજના આચાર્ય સુભાષ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, કોલેજના વિદ્યાર્થીઓને સ્વાઈન ફ્લુથી બચાવવા માટે આજથી ઊકાળો પીવડાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ કેમ્પ આગામી ત્રણ દિવસ સુધી ચલાવવામાં આવશે. તેમજ કોલેજમાં જે વિદ્યાર્થીઓને સ્વાઈન ફ્લુનો ચેપ લાગુ પડ્યો હોય તેમને કોલેજમાં ન આવવાની સલાહ પણ આપવામાં આવી છે. એચકે આર્ટ્સ કોલેજ ઉપરાંત શહેરની અન્ય કેટલીક કોલેજો તથા શાળાઓમાં આગામી દિવસોમાં વિદ્યાર્થીઓને સ્વાઈન ફ્લુ વિરોધી ઊકાળો પીવડાવવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

સ્કાઉટ્સ-ગાઈડ્સ સંગઠન યુવાનોના વ્યક્તિત્વના વિકાસ અને ચારિત્ર ઘડતરનું કાર્ય કરે છે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે સ્કાઉટ્સ-ગાઈડ્સ સંગઠને યુવાનોના વ્યક્તિત્વ વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે અને સાથે-સાથે છાત્રોમાં રાષ્ટ્રપ્રેમ, શિસ્ત તથા ભાઈચારા જેવા નૈતિક મૂલ્યોનું સિંચન થાય તે માટે પણ હંમેશા તત્પર રહ્યું છે.

રાજભવન ખાતે ગઈકાલે સાંજે યોજાયેલા 'રાજ્ય પુરસ્કાર વિતરણ સમારોહ'માં રાજ્યના સ્કાઉટસ-ગાઈડ્સનું રાજ્યપાલશ્રીના હસ્તે સન્માન કરી પુરસ્કારો અર્પણ કરાયા હતા. આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યુંહતુંકે મોટી સંખ્યામાં અહીં ઉપસ્થિત સ્કાઉટ્સ-ગાઈડ્સ રાષ્ટ્રપતિ પુરસ્કાર પ્રાપ્ત કરવા માટે ભરપૂર પ્રયાસો કરશે, તેવી મને આશા છે.

ગુજરાતમાં વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ સ્કાઉટ-ગાઈડ સંગઠનમાં જોડાય તેવા પ્રયાસો પર ભાર મુકતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આ પ્રવૃત્તિનો વધુમાં વધુ પ્રચાર થાય અને વિદ્યાર્થીઓ રાષ્ટ્રપ્રેમ અને સમાજ પ્રત્યેની જવાબદારી પ્રત્યે વધુ સભાનતા કેળવે તે માટે તેમને પ્રોત્સાહન આપવાની આવશ્યકતા છે.

તેમણે જણાવ્યું હતું કે સ્કાઉટ્સ-ગાઈડ્સ આંદોલન એક આંતરરાષ્ટ્રીય-કક્ષાનું આંદોલન છે, જે વિશ્વના તમામ દેસોમાં કાર્યરત છે અને સમાજ અને રાષ્ટ્રની સેવામાં સંલગ્ન છે. આ આંદોલન દ્વારા યુવાનોમાં વિશ્વ ભ્રાતૃત્વ, શિસ્ત, સહનશીલતા, ચારિત્ર્યઘડતર અને સેવાભાવનાનું સિંચન કરી તેમને સમાજના જવાબદાર નાગરિક બનાવવાનું આ સંગઠન કામ કરે છે, જે સરાહનીય છે. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ સ્કાઉન્ટસ-ગાઈડ્સ પ્રવૃત્તિમાં જોડાઈ સમાજોપયોગી સેવાકાર્યોમાં યોગદાન આપવું જોઈએ. રાજ્યપાલશ્રીના હસ્તે પદકો અર્પણ કરી છાત્ર-છાત્રાઓને સન્માનવામાં આવ્યા હતા. સ્કાઉટ્સ-ગાઈડ્સ સંઘના મુખ્ય કમિશનર શ્રીમતી સવિતાબેન પટેલે સંઘની પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજુ કરવામાં આવ્યો હતો. અંતમાં સંગઠનના સ્ટેટ કમિશનર (ગાઈડ) શ્રી એન.એફ. ત્રિવેદીએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ઉપપ્રમુખ શ્રી જગદીશભાઈ ભાવસાર, શ્રી દિલીપભાઈ ચૌધરી સહિત અન્ય અગ્રણીઓ તેમજ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જીવનસાથીની પસંદગીમાં પ્રત્યેક યુવક યુવતીઓનો એક આદર્શ હોય છે પણ કયારેક તેઓ જીંદગીની રમતમાં એક સ્ટેપ ચૂકી જાય પછી લગ્ન જીવનમાં અજંપો અને ઉચાટ સિવાય કંઇ બચતું નથી

પ્રત્યેક યુવતી એવા જીવનસાથીની તલાશમાં હોય છે જે તેને સમજી શકે, તેને ભરપૂર પ્રેમ આપી શકે અને તેના સાનિધ્યમાં સલામતીનો અહેસાસ કરી શકે પણ તેમ છતાં યુવાનીના ઉન્માદમાં થોડા દેખાવડા, થોડા વાચાળ અને થોડા છેલબટાઉ યુવકના પરિચયમાં આવી યુવતીઓ તેને સમર્પિત થઈ જાય છે અને પછી પેટ ભરીને પસ્તાય છે. બાયરી ટાપટીપ કે અતિશય વાચાળ યુવકો હંમેશા છદ્મવેશી હોય છે અને છતાંય ભણેલી ગણેલી હોંશિયાર યુવતીઓ કયારેક આવા લોકોની માયાજાળમાં ફસાઈ જીવનને નર્કાગાર બનાવી દે છે. ભણતર વધે છે પણ વાસ્તવિકતાની સુઝ કેળવાતી નથી. વર્તમાન સમયની આ કડવી વાસ્તવિકતા સામે વડીલો ચિંતાગ્રસ્ત બન્યા છે. કયારેક પોતાના સંતાનની ઉજ્જવળ કારકિર્દી રોળાઈ જાય છે તેમના સપના તૂટે છે જેના વડીલોએ સાક્ષી બનવું પડે છે. જેટલી સાહજિકતાથી પુરુષ એક યુવતીના પ્રેમમાં પડે છે એટલી જ સહજતાથી તે પ્રેમનો ઈન્કાર કરી શકે છે. સ્ત્રી જયારે કોઈને દિલ આપી દે પછી પાછુ વળીને જોતી નથી તેના સમર્પણમાં પ્રામાણિકતા હોય છે. અત્ર તત્ર સર્વત્ર બનતી આવી અનેક ઘટનાઓમાંની એક ઘટના પરથી પરદો ઊચકીએ...

એક સુશીલ સંસ્કારી અને એટલી જ હોંશિયાર યુવતી, નામ એવું સંધ્યા, ભણતાં ભણતાં એક યુવકના પરિચયમાં આવી અને હંમેશ બને છે તેમ આ પરિચય પરિણયમાં પલટાયો. સંધ્યા રાતદિવસ સાહિલના જ સપના જોવા લાગી. તેને થયું આ જ યુવક તેના મનનો માણિગર થવા સર્જાયો છે. યુવક એટલો બધો સ્માર્ટ નહિ, હા વાચાળ ખરો, ધોળા દિવસે તારા બતાવે તેવો. પૈસે ટકે સુખી હતો એટલે યુવતીએ કદાચ તેમાં સલામતી જોઈ હોય એવું બની શકે. બંનેને જોતાં કાગડો દહીથરુ લઈ ગયો હોય તેમ જ લાગે, પણ સંધ્યા તેના પાછળ એવી પાગલ બનેલી કે તેના પ્રત્યેક વાક્યને બ્રહ્મવાક્ય માનતી થઈ ગઈ. બંનેના મિત્ર વર્તુળમાં એમની કેમિસ્ટ્રીની ચર્ચા થતી. જાણે બંને એકબીજા માટે જ સર્જાયા હોય. સાહિલે સંધ્યાના દિલ પર સંપૂર્ણ કબજો જમાવી દીધેલો. સંધ્યાને પણ લાગ્યું કે હવે આ પ્રેમપ્રકરણ છુપાવવાનો કોઈ અર્થ નહી સરે તેને પોતાના માતાપિતાને સાહિલના સ્વભાવ, તેના પરિવાર વિગેરેથી માહિતગાર કર્યા અને સાહિલને તે પોતાનો જીવનસાથી બનાવવા માગે છે. તે વાત પણ નિસંકોચ જણાવી. માતાપિતાને દીકરી પર સંપૂર્ણ ભરોસો હતો. સંધ્યા ખુબ સમજુ અને હોંશિયાર છે તે જે કંઇ કરે તે સમજી વિચારીને જ કરે તેવા ભરોસા સાથે માતા-પિતાએ પણ દીકરીની પસંદગી પર મંજુરીની મહોર લગાવી દીધી... બસ, બંને પ્રેમી પંખીડાને મુક્ત ગગનમાં વિહરવાનો પરવાનો મળી ગયો. યુવકને જયારે ઈચ્છા થાય ત્યારે બાઈક લઈને સંધ્યાના ઘરે આવી જતો. તેને બાઈક પાછળ બેસાડી બિન્દાસ રીતે તેની સાથે ફરવા લઈ જતો. ધીમે ધીમે પાડોશીઓમાં પણ કાનાફુસી થવા લાગી. આ હોંશિયાર અને પારેવા જેવી છોકરી કયાંક ભેખડે ભરાઈ ન જાય. પણ મીયાં બીબી રાજી તો કયા કરે કાજી આ ન્યાયે સૌએ ચૂપ રહેવામાં મુનાસિબ માન્યું.

જીવનસાથીની પસંદગીમાં પ્રત્યેક યુવક યુવતીઓનો એક આદર્શ હોય છે પણ કયારેક તેઓ જીંદગીની રમતમાં એક સ્ટેપ ચૂકી જાય પછી લગ્ન જીવનમાં અજંપો અને ઉચાટ સિવાય કંઇ બચતું નથી. કયારેક લગ્નજીવન શરૂ થાય તે પહેલાં જ ખોરંભે પડી જાય છે. કાં તો પડ્યું પાનું નિભાવી લઈ જેમતેમ જીંદગી પુરી કરી નાખે છે. સંધ્યાએ સાહિલના સાનિધ્યમાં સુખી જીંદગીના સપના જોવાના શરૂ કર્યા. પોતે માતા-પિતાનો ભાર હળવો કર્યાનો પણ તેને અહેરાસ થવા લાગ્યો. પ્રતિદિન એકબીજાના સાનિધ્યમાં રહેવાને કારણે એક નાજુક પળે તેણે યુવાનને પોતાનું શરીર સોંપી દીધું અને પછી ન બનવાનું બની ગયું, કયારેક ક્ષણિક આનંદ જીવનભરનો બોજ બની જાય છે. આ વાત ઉન્માદની ક્ષણોમાં ભુલાઈ જાય છે. ઘટમાં ઘોડા થનગનતા હોય ત્યારે તો આ વાતની ગંભીરતા જણાતી જ નથી. સંધ્યાએ એક દિવસ સાહિલને કહ્યું આપણા પ્રેમના અંકુર ફૂટી રહ્યા છે એ બીજમાંથી છોડ બને તે પહેલાં આપણે લગ્ન કરી લઈએ. સાહિલે સંધ્યાને હિંમત આપી આ બાબતની તુ જરાય ચિંતા કરીશ નહીં. હું આમાંથી રસ્તો કાઢી લઈશ. મેં જીવનભર સાથ નીભાવવાનો તને કોલ આપ્યો છે, એમાંથી પાછી પાની નહીં કરું. સંધ્યાને હૈયે હાશ થઈ. હવે તે આદર્શ દાંપત્યજીવનના સપના જોવા લાગી પણ કયારેક તેને મુંઝવણ પણ થતી, કદાચ સાહિલ તેના વચનમાંથી ફરી ગયો તો? તેણે પછી તો સાહિલ પર જલ્દી કોર્ટ મેરેજ કરી લેવા પ્રેશર કરવા માંડ્યુ. સાહિતે

સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

ફક્ત બે ચાર દિવનસનો સમય માગ્યો...

બીજા દિવસે સાહિલે પોતાના ઘરે મમ્મી-પપ્પાને વાત કરી હું સંધ્યા સાથે લગ્ન કરવા માગુ છું અને તે જેમ બને તેમ જલ્દી... પણ યુવકના માતાપિતા ૧૫મી સદીમાં જીવતા હતા તેમના હૈયે ધ્રાસકો પડ્યો. ઘરમાં જાણે સુનામી સર્જાયુ, માતાપિતા, ભાઈ-ભાભી બધાએ એકી અવાજે કહી દીધું આપણી સાત પેઢીમાં આવું કોઈએ કર્યું નથી. એક પરજ્ઞાતિની યુવતી આ ઘરમાં વહુ બનીને આવે તે હરગીઝ માન્ય નથી. યુવક મુંઝાયો, તેણે પોતાના મિત્રો દ્વારા પપ્પાના મિત્રો દ્વારા તેમને સમજાવવા લાખ પ્રયત્નો કરી જોયા. પણ પપ્પાએ ચોખ્ખું કહી દીધું. આ હરગીઝ નહિ બને. અને તારે આ પગલું ભરવું જ હોય તો મિલકતમાંથી તને ફારેગ કરી દઈશ. અને આ ઘર તારે છોડવું પડશે. સાહિલમાં તે હિંમત ન હોતી કે ઘર છોડીને અલગ રહી સંધ્યા સાથે લગ્ન કરી શકે. મોટા ભાગના યુવાનોમાં આવા સાહસનો અભાવ હોય છે અને તેઓ વચનો આપવામાં પારવધા હોય છે પણ લગ્નની જવાબદારી નીભાવવાની વાત આવે ત્યારે પપ્પા-મમ્મીની મરજી વિરુદ્ધ ડગલુ ભરવાની હિંમત ચાલતી નથી. આમ કરવામાં કોઈની જીંદગીના સપના ચકનાચુર થઈ જશે એની એમને પરવા હોતી નથી. કાં તો આ ભવ ના મળી શક્યા તો આવતે ભવ મળીશું એમ કહી જીંદગીને પંખે લટકાવી દે છે. લગ્નજીવન એ ઢીંગલા ઢીંગલીની રમત હરગીઝ નથી પણ આવી ગંભીરતા ન સમજી શકનાર યુવાનોમાં પ્રેમ ખાતર પરિવાર સામે બંડ પોકારવાની નૈતિક હિંમત ન હોય તો પ્રેમના સપના જોવા ન જોઈએ.

સાહિલની બે ચાર દિવસની મહેતલ પુરી થતાં સંધ્યાએ તેને મળવા બોલાવ્યો. બંને બગીચામાં મળ્યા. સાહિલ પ્રેમથી સંધ્યાનો હાથ પકડી હિંમતથી કહી દીધું. સંધ્યા, આપણી મૈત્રી જીવનભર રહેશે પણ આપણા લગ્ન શક્ય નથી. મારો પરિવાર આ માટે તૈયાર નથી. સંધ્યા એ સાહિલને પારોઠના પગલાં ભરતો જોઈ હિંમત હારી ગઈ. તે આંખો બંધ કરી જીંદગીના અંધકારનો જાણે અહેસાસ કરવા લાગી. અશ્રુધારા વહેતી આંખે તેણે સાહિલને કહ્યું ફટ્, કાયર, સાથ નિભાવવાની ત્રેવડ નહોતી તો કોઈની જીંદગી સાથે રમત રમવાનો તને શો અધિકાર હતો? સંધ્યા ઝડપભેર ત્યાંથી રવાના થઈ તેણે સાહિલ સામેની નજર હટાવી દીધી કારણ કે હવે વાદવિવાદ કરવાનો કોઈ અર્થ ન હતો...

સાંજ પડી, સંધ્યાના પપ્પા પર ફોન આવ્યો તમારી દીકરીને સીવીલમાં દાખલ કરી છે તેણે ઝેર પી આત્મહત્યાની કોશિશ કરી છે... ડૉકટરોએ ભારે જહેમત બાદ તેના જીવન પરનું સંકટ દૂર કર્યું.